# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એક જણ કટ્ટર હદે ધાર્મિક હતો.
ને વળી કહેતો હતો આસ્તિક હતો.

ક્યાં તમારો પ્રશ્ન પણ હાર્દિક હતો?
મારો ઉત્તર એટલે બૌદ્ધિક હતો.

જે દિલાસો દિલમાં વાસો ના કરે;
માનજો એ ખરખરો શાબ્દિક હતો.

પૂછજો એકાંત એનું અન્યને;
ભીડમાં તો સો ટકા નૈતિક હતો.

- ગૌરાંગ ઠાકર

## પાથેય

- રમેશ ઠક્કર

### આસ્થાઓ અને અચરજો !

જે લોકો ઇશ્વર કે કોઇ અદ્રશ્ય શક્તિમાં અખૂટ વિશ્વાસ ધરાવે છે, એમની આસ્થા અને જીવનરસ મને ગમે છે..એ લોકો લીલાછમ રહી શકે છે..એમના જીવનમાં મહત્વના પ્રસંગોએ એમની હૂંડી શામળિયો સ્વીકારી લેતો હોય છે..સીધી લીટીમાં ના સમજાય કે ડહાપણથી ના માપી શકાય એવું ઘણું બધું એ લોકો અનુભવતા હોય છે..એમની એ અનુભૂતિ પણ ખોટી નથી હોતી..૫૦ ડિગ્રી તાપમાનવાળા વિસ્તારમાં પણ કેટલાક જીવો શ્વસે છે..ત્યાં પણ અમુક પ્રકારની વનરાજી કે તાજી કુંપળો પ્રગટતી રહે છે..શૂન્ય ડિગ્રીના શીતાગારમાં પણ જીવંત ચહલપહલ જોઇ શકાય છે..એક જીવ માટે જે ખોરાક ઝેર હોય એ બીજા જીવ માટે જીવવાનું સાધન હોય છે..તમે કડવો લીમડો આરોગતા ઉંટ કે ધતુરાનાં ડૂંડવાંને મજેદાર રીતે ખાતી બકરીને જોઇ હશે..ઘેરઘેર ફરી વાસી ખોરાક ખાતાં ગરીબ બાળકોને ફૂડ પોઇઝનીંગ થતું નથી..ફાઇવસ્ટાર હોટલમાં મોંઘીદાટ વાનગી આરોગનાર બિમાર પણ પડે છે..મૃત્યુ પામ્યાના દાખલા પણ છે..આ અચરજ કોને આભારી છે..?

સામાપક્ષે તર્ક કે બુધ્ધિ એ પણ એટલી જ મહત્વની બાબતો છે..બિમાર પડીએ તો દવા જ સારૂં કરી શકે..જગત ચોક્કસ પ્રકારના વૈજ્ઞાનિક સત્યો ઉપર જ ચાલે છે..હમણાં એક વક્તાએ બહુ સરસ વાત કરી હતી કે શંકરાચાર્ય કે વિવેકાનંદજેવી પ્રચંડ પ્રતિભાઓ ઘણી નાની ઉંમરે મૃત્યુ પામ્યા.. જો એ વખતે આજના જેવી તબીબી સારવાર હોત તો એ અવશ્ય લાંબુ જીવ્યા હોત..શિતળાથી મોતને ભેટનાર લોકોને કોઇ પ્રાર્થના કે ઉપાસના ઉગારી શકતાં નહીં. પણ એડવર્ડ જેનર નામના વૈજ્ઞાનિકે જે રસી શોધી એણે આ રોગને નાબૂદ કર્યો..

સ્વામી સચ્ચિદાનંદ પોતાના અનુભવની વાત લખતાં કહે છે કે "બાય પાસ સર્જરી કરાવ્યા પછી હું બે દાયકા કરતાં વધારે સમયથી જીવી રહયો છું. જો આ સગવડ ના હોત તો હું ક્યારનોય આ દુનિયા છોડી ગયો હોત...આધ્યાત્મનો કોઇ શ્લોક કે સાધના મારા આયુષ્યની એક ક્ષણ પણ વધારે શકયાં ના હોત.." વિજ્ઞાન અને બુધ્ધિ જીવનને વાસ્તવિક રીતે જુએ છે..એમાં વિશ્વાસ ધરાવનારને આપણે નાસ્તિક કહીએ છીએ...ચાર્વાક નામના વિદ્વાન આના પ્રણેતા ગણી શકાય..આપણી સંસ્કૃતિ ચાર્વાકને પણ ઋષી માને છે..!

કોઇક અદ્રશ્ય શકિત આપણા ઉપર નિયંત્રણ ધરાવે છે એ તો બુધ્ધિથી પણ અનુભવી શકાય છે..પરંતુ માણસ કેવળ ભાગ્યના ભરોંસે જીવી શકતો નથી..ગરમ વસ્તુ દઝાડે જ..ઝેરી ચીજો મોતનું કારણ બને..જીવવાનું ચાલકબળ બુધ્ધિ કે હુન્નર જ હોઇ શકે એ હકિકત છે. છતાં કોઇકની નિર્વ્યાજ લાગણી ,પ્રેમ, સુષુપ્ત શકિતઓ, મધુર કંઠ..સંગીતની સુરાવલિઓ...વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ બુધ્ધિથી પર છે..રહસ્યમય છે..નેવું વરસનાં મારાં બા નામે બબીમા જિંદગીમાં અનેક અભાવો અને પારાવાર ગરીબીમાં જીવ્યાં હતાં..જગતની વૈભવી કહેવાય એવી કોઇ સુખસાહયબી એમણે જોઇ ન્હોતી..આમછતાં જે મળે એ બધાને આશીર્વાદ આપતાં. સહુનું ભલું ઇચ્છતાં..બીજાનું સુખ જોઇ આનંદ અનુભવતાં..કોઇની તકલીફ પોતાની હોય એ રીતે સંવેદના દાખવતાં..પારાવાર દુઃખો વચ્ચે પણ એમની આ હકારાત્મકતા મને ચમત્કાર જ લાગે છે..! આવી વ્યકિતઓ આપણી આસપાસ જીવતી હોય છે.એમના થકી જ આપણી શ્રધ્ધા ટકી રહેતી હોય છે.

# ભણેલાઓની હૃદયશૂન્યતા જ આપણા પ્રશ્નોના મૂળમાં છે

તંત્રીસ્થાનેથી...

ઈંગ્લેન્ડમાં પાકિસ્તાની હિંદુ-મુસલમાનો એ મુદ્દે આમને સામને આવી ગયા કે એશિયા કપ ટુર્નામેન્ટમાં ભારતે પાકિસ્તાન પર વિજય મેળવ્યો હતો ! કેવી વાહિયાત સંવેદનહીનતા છે આ ! કોણ જાણે ધર્મ તે માનવીને જિતાડવા માટે રચાયો હસે કે લડાવી મારવા કાજે ? મૂળ પુરુષે તો આવી સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય. રમત જેવી ઉદાત્ત અને નિર્દોષ બાબત પણ ધર્મના નામે હિંસક અથડામણ સરજી શકતી હોય તો જરૂર આપણે એવા ધર્મને હાંસિયે ધકેલીને માણસ સાથે માણસની જેમ વર્તવાનું શીખવું જોઈએ. લેસેસ્ટરની આ ઘટના પછી તો એમ જ લાગે કે હવે દુનિયાભરમાં હિંદુ-મુસલમાન એકબીજાને દુશ્મન તરીકે જ માનવા લાગશે. ભારતમાં કે પાકિસ્તાનમાં આવી ઘટનાઓ સહ્ય ગણી લેવાય, જો કે એ નિંદનીય તો છે જ; પરંતુ દેશ છોડીને પરદેશ વેઠતા લોકો પણ ધર્મના નામ ર અને એમાં પણ હિંદુસ્તાન એટલે હિંદુઓનો દેશ અને પાકિસ્તાન એટલે મુસલમાનોનું રજવાડું એવા સંકુચિત ખ્યાલ સાથે એકબીજા પ્રત્યે સૂગ રાખશે તો આ બેઉ પ્રજાઓનું ભવિષ્ય જરૂર અંધકારમય જ બની રહેશે એમાં મીનમેખ નથી. એમને ઉપરથી અલ્લાહ કે ઈશ્વર ઊતરી આવશે તો પણ સુધારી શકશે નહીં કારણ કે એમનાં મગજ બહેર મારી ગયા છે અને હૃદય સડી ગયાં છે. સંવેદનશીલ નાગરિક માટે તો માનવી માત્ર બલકે એથી આગળ વધીને જીવસૃષ્ટિ સમસ્ત અનુકંપા, કરુણા અને પ્રેમનાં ભાજન બની રહેવાં જોઈએ. આપણો પ્રથમ કવિ તો કૌંચ પક્ષીઓને કેલિ કરતાં કોઈ પારધિને તીર માર્યું અને એક પક્ષી તરફડીને ભોંય પડ્યું એથી વલોવાઈ ગયો હતો. એના મોંઢામાંથી ચીસ નીકળી ગઈ હતી : મા નિષાદ.... એ વિશ્વની પ્રથમ કવિતા બની ગઈ. સંવેદનશીલ ઈસુએ પેલી 'કુલટા' ને રસ્તા વચ્ચે ઊભી રાખી પથ્થર મારવા ઉદ્યત થયેલા ટોળાને પડકાર્યું હતું. 'જેણે પાપ કર્યુ ના એકે, એ પહેલો પથ્થર ફેંકે...' અને એની આ વાતે પથ્થર મારવા ઊંચા થયેલા હાથ નીચા પાડી દીધા હતા. સંવેદનશીલતા એ માનવીને મળેલું ઉત્તમોત્તમ વરદાન છે. જો કે આ કયારેક હિંસક પ્રાણીઓમાં પણ જોવા મળે છે. હરણીનો શિકાર કરી લીધા પછી એના નવજાત બચ્ચાને ચાટીને વહાલ વરસાવતી સિંહણની તસ્વીરો જોઈએ ત્યારે સમજાય છે કે કુદરતે સંવેદશીલતાનું વરદાન જીવસૃષ્ટિમાં ખુલ્લા હાથે વેર્યું છે. વૃક્ષથી વધુ સંવેદનશીલ તો હોઈ જ કોણ શકે ? વૃક્ષો તો સવાયા સંતો છો. આપણાં શાસ્ત્રોમાં અને મહાકાવ્યોમાં તથા ઈતિહાસનાં પાને પાને સંવેદનશીલતાનાં ઉદાહરણો નજરે પડે છે. જેના નામ પરથી દેશનું નામકરણ થયું છે તે ભરત તપોવનમાં જઈ સમાધિ અવસ્થામાં બેઠેલા હોય છે ત્યારે હરણી પડેલા વાઘથી બચવા ગંદકી નદીમાં છલાંગ મારતી હરણીનો ગર્ભ પડી જાય છે. એ મૃગશાવક પ્રત્યે ઋષિ ભરતનાં સંવેદનશીલ મનમાં એવી અનુકંપા જાગે છે કે એ તપ છોડીને એની માયામાં ઓતપ્રોત બની જાય છે. અંતે એમને એના પેટે અવતાર લેવો પડે છે ! કલાપીનું 'ભરત' ખંડકાવ્ય આપણે સૌ વાંચવા જેવું છે. એવું જ બીજું કાવ્ય છે 'ગ્રામમાતા.' રાજા ગુપ્તવેશે પ્રજાની સુખાખારી જોવા નીકળ્યો છે. શેરડીના ખેતરમાં પહોંચી એ ખેડૂત સ્ત્રી પાસે રસ માગે છે. ખેડૂત સ્ત્રી એક સાંઠો કાપી પ્યાલો છલકાવી દે છે. રાજાને અસૂયા જાગે છે. અરે, આ ખેડૂતો કેટલું કમાતા હશે ! એના મનમાં જાગેલા નકારાત્મક ભાવનો પડઘો એ પછી વારંવાર સાંઠા કાપ્યા છતાં રસનું ટીપુંય નથી ઝરતું એ ઘટનામાં પડે છે. ખેડૂત સ્ત્રી વ્યથિત થઈને બોલી ઊઠે છે :

રસહીન ધરા થૈ છે / દયાહીન થયો નૃપ;
નહીં તો ના બને આવું / કહી માતા ફરી રડી....

રાજાનો માંહ્યલો જાગી ઊઠે છે. એની સંવેદના સંકોરાય છે અને પછી જે સાંઠો કપાય છે તે એના પ્યાલાને છલોછલ કરી મૂકે છે. સંવેદનશીલતા એ માનવીને માનવ બનાવનારું તત્ત્વ છે. મહાત્મા ગાંધીએ આઝાદીના નજીકના દિવસોમાં અંગ્રેજ પત્રકારે પૂછેલા સવાલનો કેવો સટીક જવાબ વાળ્યો હતો ! એમણે કહ્યું હતુ કે મારે મન ભારતની ગરીબી, નિરક્ષરતા કે કોમી વિસંવાદિતા એ એટલી મોટી સંસ્યા નથી જેટલી ભણેલા માણસોની હૃદયશૂન્યતા છે. ગાંધીનો આ વહેમ આપણે સાચો પાડી દીધો હોય એવું નથી લાગતું ? ભણેલા લોકો વધુ ને વધુ સંવેદનહીન બનતા ગયા અને એથી ગાંધીએ પ્રબોધેલાં અને ધર્મોમાં અનુસ્યૂત મૂલ્યો હાંસિયે ધકેલાઈ ગયા!

# પરમાત્માની કૃપા તો અવિરત વરસતી જ રહે છે

'આ પણ પરમાત્માની એક અર્થમાં કૃપા જ કહેવાય ને !!' જસ્મીને કહ્યું.

ઘટના આમ જુઓ તો નાની છે, સીધી સાદી છે, પરંતુ એમાં જે તાણાવાણા જોડાયેલા છે, એમાં લાગણીની જે ભીનાશ છે, એમાં દોસ્તીના સંબંધ માટેનું જે સમર્પણ છે એના અજવાળા ઝીલ્યા એનો આનંદ છે.

ધ્વનિ અને પિયુષના લગ્ન જીવનમાં અનન્યા નામની દીકરીનું પ્રાગટ્ય થયું. ધીમે ધીમે એ ઉછરતી ગઈ, પરિવાર, પ્રિયજનો અને સ્વજનોનું વર્તુળ મોટું એટલે એક અર્થમાં કહેવાય કે કાયમ એ આઠ-દસ લોકના ગ્રુપ વચ્ચે જ રહી. શારીરિક સાથે માનસિક વિકાસ, બોલચાલ, સમજણ, સાંકેતિક ભાષા, ગીત-સંગીત અને નૃત્ય - ફોટોગ્રાફી બધા સાથે એ બરાબર તાલ મેળવતી થઈ.




હવે વાત આવી એના પ્રથમ જન્મ દિવસની ઉજવણીની. પિયુષના મોટાભાગના સગા-સ્નેહી મધ્યપ્રદેશના જબલપુરમાં રહે. ત્રણ મહિના આયોજન કરાયું કે અનન્યાના જન્મદિવસ નિમિત્તે બધાએ જબલપુર જવું ૨૨-૨૫ વ્યક્તિઓની આવતા-જતાની પ્લેન-ટ્રેનથી ટીકીટો કન્ફર્મ થઈ. માત્ર જન્મ દિવસ ઉજવવા નહિ, સાથે એક ટ્રીપ પ્રાકૃતિક વાતાવરણમાં થઈ જાય એટલે પેન્ચમાં જંગલોમાં રહેવાનું, સફારી કરવાનું, નર્મદા કિનારે ભેટાઘાટ, ચોંસઠ જોગણીનું મંદિર, બારગી ડેમ જેવા પ્રવાસન - આધ્યાત્મિક સ્થળોનો પ્રવાસ ગોઠવાયો. સાથે મળીને એક યાદગાર પ્રવાસ થયો.

અમદાવાદથી હિમાંશુ, જસ્મીન અને અમારો પરિવાર, મુંબઈથી બહેન નીલા અને બેંગ્લોરથી હર્ષા તથા ભાણેજ પ્રાચી જોડાયા, પેન્ચના જંગલોમાં પ્રકૃતિના સાનિધ્યમાં ચારે તરફ ગાઢ જંગલોની વચ્ચે પ્રાઈવેટ રિસોર્ટસમાં રહ્યા. આખ્ખુંયે રિસોર્ટસ સુવાંગ આપણું જ હતું... પંખીઓના કલરવ, વહેતા ઝરણાનો નિનાદ, ગ્રામ્ય જીવનનો આનંદ, વરસતા વરસાદમાં ભજીયા અને ચાનો જલસો.... દિવસની બે સફારી ટાઈગર દર્શન માટેની કરી તોયે કોઈના ચહેરા પર થાક નહિ. એ પછી પણ જબલપુરમાં રહીન આસપાસના સ્થળોએ પ્રવાસનો આનંદ લીધો. ખુબ પ્રેમપૂર્ણ અને વાત્સલ્યમય વાતાવરણમાં સો-દોઢસો માણસો સાથે અનન્યાનો પહેલો જન્મદિવસ ઉજવ્યો. એવું કયારેય ના બન્યું કે અનન્યા કયાંક થાકી - કંટાળી કે રડી હોય... લોકો વચ્ચે રહીને મૌજ કરવાના સંસ્કાર કદાચ એને આસપાસના વાતાવરણમાંથી મળ્યા જેના કારણે આ શક્ય બન્યું.

આજકાલ આપણે જે રીતે વ્યસ્ત જિંદગી જીવીએ છીએ એમાં અતિ શ્રીમંત નહિ, અપર મીડલ કલાસના માણસો આ રીતે આયોજન કરે, સાર્થક થાય, માત્ર ને માત્ર પ્રસન્નતાનો અનુભવ થાય તો એ પરમાત્માની જ કૃપાનો અનુભવ કહેવાય.

આ વાત જસ્મીને કરી હતી. સાચ્ચે જ ઘણીવાર આપણે પરપોટાનો ફોટો લેવામાં દરિયામાં ભીંજાવાના આનંદને માણી શકતા નથી.... જે મળ્યું છે એનો આનંદ પામવાને બદલે કોઈ મોટા સુખના ગણિતમાં વ્યસ્ત રહીએ છીએ. પરમાત્માની કૃપા તો અવિરત વરસતી જ રહે છે. આપણે જો એને પામી શકીએ તો આજ કે આનંદ કી જય નો નાદ પણ અનુભવી શકીએ છે, છતાં લખ્યો છે કારણ કે વાચકના જીવનમાં પણ આવી ઘટનાઓ બનતી જ રહે છે. એવા સમયે જો એમાં પરમાત્માની કૃપાનો અનુભવ થાય તો એને પામ્યાના, પ્રસન્નતાના ને પ્રેમના અજવાળા રેલાતા હોય છે. પરમાતમાની કૃપાના અજવાળાને ઝીલતા રહીએ.

# ત્યારથી જુઠ્ઠું કંઈ રીતે બોલાય એની કળા હું શીખી ગયો છું....

''માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો દરરોજના કો-પાંચસો જૂનો એક-એક શહેરમાં ઊજવાતા હોત.''

'બીડેલા હૈયા' નવલકથામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ કડવી વાસ્તવિકતા લખી છે. વ્યક્તિ જે સાચું છે તે નથી જણાવતો, પણ સારું લાગે છે તે બોલે છે. વ્યાવહારિક સમાજમાં જીવવા માટે વ્યાવહારિકતાની ટર્મ્સ એન્ડ કન્ડિશન છે, તે સ્વીકારીને ચાલવાનો છે મહાવરો દરેક વ્યક્તિએ કેળવી લીધો છે.

ખરેખર વસ્તુસ્થિતિ એ છે કે માણસ સાવ નિખાલસ થવા માગે છે, પેટ છૂટી વાત કરવા ઈચ્છે છે. પ્રત્યેક માણસ ઢીલો છે, એ ક્યાંક ને ક્યાંક પોતાને ખાલી કરવા ઝંખે છે. ઢોળાઇ જવા તત્પર હોય છે, પણ મુશ્કેલી એ છે કે આ માટે યોગ્ય સ્થળ મળતું નથી અને અગાઉ જ્યાં જ્યાં પણ એણે પોતાના હૃદયની સત્યતા, મનનો ઉકળાટ, અંતરની છટપટાહટ, ખોલવાનો ગુનો કર્યો ત્યાં ત્યાં એણે થાપ ખાધી છે. એની આ નિખાલસતા, સરળપણાંનો કાં તો લાભ ઉઠાવવામાં આવ્યો છે અથવા તો તેની ખરાબ રીતે મજાક ઉડાવવામાં આવી છે. તેને હસી નાખવામાં આવ્યો છે.

પ્રત્યેક માણસને ક્યાંક વરસી પડવાનું ગમે છે, પણ ઉપર જણાવ્યું તેમ સમાજનો દંભી વર્ગ, એટીકેટવાળી સભ્યતાએ જ આ નિખાલસ, સંવેદનશીલ અને લાગણીશીલ માણસને ગણતરીબાજ, સંવેદનશૂન્ય અને રીઢો બનાવી દીધો છે. માણસે અસલ સ્વભાવ પર સંપૂર્ણપણે વ્યાવહારિકતાની પ્લાસ્ટીક સર્જરી કરાવવી પડે છે.

ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે. તો તેને જીવવાનો અભિનય કરવા માટે કે પછી શિષ્ટાચાર પૂરો કરવા માટે નથી જીવવાનું. માણસ-માણસ સામે ખૂલી શક્તો નથી. ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે, સાચું બોલવાની બદલે સારું બોલવાની ટેવવાળો થયો ત્યારથી, ખોટું કરવાની વૃત્તિ વ્યક્તિમાં પ્રવેશી ગઈ છે.

કમકમાટીભર્યો ખૂનકેસ સમાચારમાં દેખાડાતો હોય ત્યારે અરેરાટી છૂટ છે, મરી ગયેલા શરીર ક્મકમાટી જગાડે છે, પણ રોજ-રોજ સંસારના વ્યાવહારિકતા રૂપી અત્યાચારો વેઠી-વેઠીને અધમૂઆ થઈ ગયેલાઓની પરવા કરનાર કોઈ નથી. લાકડી, ખંજર, તલવાર કે બંદૂકથી ન થયો હોય તેવા પ્રહારને પ્રહાર ગણવા કોઈ તૈયાર નથી.

સંવેદનાઓ પરના પ્રહારો વેઠી લેવા એ આજના સમજુ માણસની મજબૂરી છે. અથવા તો એમ કહો કે આજકાલ સમજુ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે. ચૂપચાપ તમાશો સહન કરવાનો અને જોયા કરવાનો. તેમાં ભાગ લેવો હોય તો મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ તરફ પણ નીકાળશો તો પહેલો પથ્થર તમને વાગશે.

બાળપણમાં જ ચાની લારી પર કામ કરતા બાળકે નિર્દોષતા વટાવી ખાવી પડે છે. નાની ઉંમરે મોટા થઈ જવું તેના માટે જરૂરી છે, બાળપણની નિખાલસતા તેને પોસાય તેમ નથી, ને આથી જ સંજોગો તેની નિખાલસતાને પગ તળે કચડીને વ્યાવહારિક્તાનો રસ્તો સાફ કરી આપે છે. બાળપણને શાણપણ વટાવી ખાય છે.

ગામડાંના ખેડૂતની નિખાલસતાનો શહેરનો વેપારી લાભ લઈ જાય છે. ભોળા કિસાનની મહેનત પ્રમાણે ભાવ આપતો નથી. ખેડૂતને છેતરીને તે વેપારી તેની પાસેથી ધાન્ય જ નહીં તેની નિખાલસતા પણ ચોરી લે છે. પછી ખેડૂત પણ શાણો બનીને વ્યવહારું સમાજમાં ઢળવા માંડે છે, તેની પાસે બીજો રસ્તો જ નથી.

એક સંવેદનશીલ અને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષકનો આદર્શ અને તેની લાગણી એ છે કે બાળકોને ખરા અર્થમાં સરસ્વતીની સાધના શીખવવી પણ તેની આ ભાવનાને લુચ્ચા સંચાલકો દૂધ-પીતી કરી દે છે, અને પછી ગણતરીબાજ ટ્યૂશનિયા શિક્ષકનો જન્મ થાય છે. શાળામાંથી ગુજરાન ચાલે તેટલો પગાર ન મળતો હોવાથી પ્રેક્ટિકલ રસ્તો અપનાવીને તે ટ્યુશનને રવાડે ચડે છે.

સાત્ત્વિક અને શ્રદ્ધાળુ ભક્તને ઢોંગી ધર્મગુરુઓ વટલાવી નાખે છે. નિખાલસ માણસને નિખાલસ બનવા બદલ પસ્તાવું પડે એવા આપણા સમાજમાં, ધાર્મિકતાના નામે દંભનો જે દૌર ચાલ્યો છે તેનાથી સાચા ભક્તની બદલે સ્વાર્થી અને પ્રોફેશનલ એટીટ્યૂડવાળી ભક્તની વર્ણસંકર કેટેગરી ઉત્પન્ન થઈ છે.




કોઈને કશું જ નહીં કહેવાનું, કારણકે અહીં કોણ ક્યારે 'બ્રૂટ્સ' બનીને પીઠ પર ઘા કરશે તે કહેવું મુશ્કેલ છે અને આથી જ માણસ હવે ઉઘડતો નથી. ચોમાસામાં હજી પણ ક્યારેક ઉઘાડ નીકળે છે, પણ માણસનો ઉપાડ નીકળવો મુશ્કેલ છે.

અહીંયા એક બાજુ માતા-પિતા બાળકને સત્યના પાઠ શીખવે છે અને એ જ પિતા જયારે સંતાનને કહે છે કે, 'બેટા! જો ઓફિસથી ફોન હોય તો બોસને કહી દે જે ' 'પપ્પા કહે છે કે પપ્પા ઘરે નથી.' પણ આવું તો જોકમાં જ બને છે, ખરેખર તો જૂઠના અને અસત્યના પાઠ ભણતો તે બાળક આબાદ રીતે અસત્ય બોલતા શીખી જાય છે.

સાચું નહીં બોલવાનું સારું બોલવાનું. આપણે ત્યાં માખણનો ઉપયોગ જેટલો ખાવા માટે નથી થતો એટલો તો લગાવવા માટે થાય છે, અને જે લગાવી જાણે છે તે જ આગળ ધપે છે. બટર-પોલિશ કરતા ન આવડે તો બૂટ-પોલિશ કરવાનો વારો આવે છે. જેવા બનવું નથી પણ બનવું પડે તે વ્યવહારિકતા. એક અરેબિયન કવિતા વાંચી હતી, જે અહીં બંધબેસતી જણાય છે.

ઘાસ પર રમતા'તા
રેતીના કિલ્લા બાંધતા'તા..પ
એ બધું સ્વપ્ન થઈ ગયું.
પણ પછી તો વરુઓ મળ્યાં માણસના ચહેરામાં
આપણને ભયભીત કરી મૂકે એવા
મા એ કહ્યું હતું કે જઠ્ઠું ન બોલતો
પિતાએ સાચું બોલવાની સલાહ આપી હતી
પણ જ્યારથી કદરૂપાને રૂપાળા કહેવાની
સમાજમાં પ્રથા જોઈ
નર્યા દર્ભની કથા જોઈ
ત્યારથી જૂઠ્ઠું કંઈ રીતે બોલાય
એની કળા હું શીખી ગયો.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# દુનિયા માટે તમે એક માણસ માત્ર છો પણ પરિવાર માટે તમે આખી દુનિયા છો

મોટા માણસ બનવું સારી વાત છે, પણ સારા માણસ બનવું એ બહુ મોટી વાત છે. સત્તાથી, ધનથી, એકેડેમિક કેરિયરથી કદાચ મોટા બની જવાય, પરંતુ સારા માણસ બનવા માટે ઘણા સજાગ પ્રયાસોની જરૂર હોય છે. સારા વ્યક્તિ બનવું એટલું સહજ નથી અને એટલી જ સાચી વાત એ પણ છે કે, સારા વ્યક્તિ બનવું એટલું અઘરું પણ નથી. મોટાભાગના લોકોને એ જ ખબર નથી હોતી કે,



એમનું કામ માત્ર એમની ઓળખ નથી. એમની ઓળખમાં એમના કામની સાથે સદગુણો અને આંતરિક ચેતનાનો ફાળો પણ અત્યંત મહત્વપૂર્ણ હોય છે. પોતાના હોવાપણાની અને પોતાના અસ્તિત્વની ઓળખ જ્યારે વ્યક્તિને થાય ત્યારે એ ઉત્સવ બની જાય છે. અસ્તિત્વને ઉત્સવની જેમ ઉજવવા માટે કામ અને જીવન બન્ને વચ્ચે યોગ્ય સમતુલન જરૂરી છે.

કામથી નાણા અને નાણાથી જીવનનિર્વાહ, મોજશોખ, સવલતો વગેરે શક્ય બને. કામ દ્વારા સત્તામાં વધારો, બઢતી કે પછી નાણાકીય દ્રષ્ટિકોણથી બિઝનેસ ટર્નઓવરમાં બે ગણો કે ત્રણ ગણો વધારો થઈ શકે પણ એ કાર્યપ્રગતિ છે. કાર્યક્ષેત્ર નવા સોપાનો સર કરાય અને વધુ આર્થિક વળતર પ્રાપ્ત થાય આ સારી વાત ચોક્કસ છે પરંતુ સાથે સાથે જીવનસંસ્કૃતિ વિકસે જીવન ઉત્સવ બને એ પણ એટલું જ અગત્યનું છે. વેલ્યુ બેઝ્ડ બિઝનેસ એન્ડ વેલ્યુ બેઝડ લાઈફનું કોમ્બિનેશન અસ્તિત્વને ઉત્સવ બનાવી દે છે.

એક ભાઈએ યુવાન વયમાં જ ખૂબ સારો અભ્યાસ કરી લીધો. ઘણી બધી એકેડેમિક ડિગ્રીઓ પ્રાપ્ત કરી લીધી. નાની વયમાં પોતાનો બિઝનેસ એસ્ટાબ્લિશ કરી લીધો અને સારા એવા પૈસા પ્રાપ્ત કરવા લાગ્યા. આ ભાઈએ શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે સારી એવી પ્રગતિ હાંસલ કરી હતી. આ ભાઈ એમના કાર્યક્ષેત્રમાં અત્યંત સિદ્ધાંતથી વર્તે. કોઈપણ બાબતમાં આડીતેડી વાત ન ચલાવી લે. એમને વાંચનનો વધારો શોખ નહીં પણ ચિંતન અને મનનમાં જબરી ફાવટ. આ ભાઈ સવારે નવ વાગે ઘરની બહાર નિકળી જાય અને રાત્રે સાડા નવ પછી ઘરે આવે. રોજ રાત્રે ડાઈનિંગ ટેબલ ઉપર એકલા જ જમવા બેસે. સ્વાભાવિક છે પરિવારના લોકો રોજ રાત્રે સાડા નવ સુધી જમવા માટે રાહ જોઈને ન બેસી રહે. જમીને ટીવી અને મોબાઈલ ઉપર બે કલાક રહે. પરિવારમાં ચાર વાક્યોની પણ આપ-લે ન થાય. શુ આને સફળતા કહેવાય ? વેલ્યુ બેઝડ બિઝનેસ તો આ ભાઈએ કર્યો પરંતુ વેલ્યુ બેઝ્ડ લાઈફ બનાવવામાં એ સદંતર નિષ્ફળ ગયા છે. એ ભાઈ પાસે ન તો પોતાના શરીર, મન કે ચિત્ત માટે કે ન પરિવાર માટે સમય કાઢ્યો. આ સફળતા નથી આ માત્ર પૈસા પ્રાપ્તિની દોડ છે.

સારા બ્રાન્ડેડ કપડા અને પ્લાસ્ટિક સ્માઈલ સાથે 'ગુડ મોર્નિંગ કે આઈ લાઈક યુ, યુ આર ગ્રેટ' જેવા ઠાલા અંગ્રેજી શબ્દો જીવનમાં ઉત્સાહ ક્યારેય ન લાવી શકે. હા, આ બાબતો તમને થોડા સમય માટે રૂપકડા પ્રસ્થાપિત જરૂર કરી શકશે પરંતુ લાંબા ગાળે પોતાની જાતથી સંતોષ નહીં જ થાય. સૌથી મોટો અસ્તિત્વનો આનંદ પરિવારજનો અને પોતાની જાતની સાચી સમજ કેળવવાનો છે. લેખક અને ચિંતક વિલિયમ સેક્સપીયરના મતે ગમે એટલી ધનદોલત કે અભ્યાસ હોય પણ પોતાની જાત સાથે અને પરિવારજનો સાથે મળીને આનંદ નથી લઈ શકતા તો એ જીવનની સૌથી મોટી નિષ્ફળતા છે. સત્તા, પૈસાથી દુનિયાને તો કદાચ વ્યક્તિ જીતી લેશે પણ જો પરિવારમાં ખુશ નહીં રહી શકે તો એની ઉપર 'વિનર' નહીં 'લુઝર'નું લેબલ લાગશે.

જીવનને ઉત્સવ બનાવવું હોય તો સમાધાનની ફોર્મ્યુલા અપનાવવી પડે. જીવનમાં નમવાની શક્તિ કેળવવી પડે. વ્યક્તિ એક વાર પ્રયાસ કરીને નમતા શીખે પછી એની સંકુચિત મનોવૃત્તિના પડળ આપોઆપ ખુલવા માંડે છે. કોઈને ક્યારેક તો એમ કહી જુઓ કે, 'તમે સાચા છો. હું તમારા આ વિચારની કદર કરું છું. મારો દ્રષ્ટિકોણ બરાબર ન હતો.' આ શબ્દો કહેવા માટે બહુ મોટી તાકાત જોઈએ. સંબંધ સાચવવાની માસ્ટર કી નમવામાં રહેલી છે. પારિવારિક સંબંધ સચવાય ત્યારે એમાં અસ્તિત્વની સુગંધ પ્રસરતી હોય છે.

મજૂરી કામ કરી પેટીયુ રળતા નેવું ટકા ગરીબ પરિવારોમાં સંબંધ સાચવવાની કલાથી એમનું અસ્તિત્વ ઉત્સવ બનતી જતું હોય છે. સંબંધોના સુખ આગળ ગરીબાઈનું દુઃખ આ પરિવારોમાં બિચારું બાપડું બની જાય છે. જેમનું સો બિલિયન ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ છે એવા વૉરેન બફેટ કે જેમનું નામ જગતના પહેલા દસ મોટા બિઝનેસ ટાયફુન્સમાં આદરપૂર્વક લેવું પડે, એમણે જાહેરમાં એકવાર એવું કહ્યું હતું કે, 'સવારે નવથી સાંજે છ વાગ્યા સુધી હું એક ઉદ્યોગપતિ છું. સાંજે છ થી રાત્રે સાડા નવ સુધી હું પારિવારિક વ્યક્તિ છું અને રાત્રે સાડા નવથી સાડા દસ હું એક આધ્યાત્મિક સાધક છું.'




જીવનના પ્રતિદિનના સમયનું કેટલું સચોટ અને સુંદર વિભાજન બફેટ સાહેબે કર્યું છે અને એ પ્રમાણે જ જીવે છે. વોરેન બફેટે આ માત્ર કહેવા ખાતર કહેલી વાત નથી એનો તાળો એ ઉપરથી મળે છે કે, એમના ધર્મપત્ની પણ આ જ વાતનુ સમર્થન કરે છે. એ કહે છે કે, 'હું અને વૉરેન સાથે જ ડીનર લઈએ છીએ. સાંજે કોઈ વ્યવસાયિક વાતો અમે કરતા જ નથી.' આ પ્રકારનું જીવન વેલ્યુ બેઝ્ડ જીવન કહેવાય. વૉરેન બફેટ જેવું સમયનું આયોજન કરીને જિંદગી જીવાય પછી અસ્તિત્વ ઉત્સવ ન બને તો જ નવાઈ લાગે. મોબાઈલ ઉપર સોશિયલ મીડિયા, ઓટીટી કે ટીવી સીરીયલોનો કોલાહલ દરેક સાંજ અને દરેક રાતને ભરી દે પછી ડૂબતા સૂરજની લાલીમા, માળામાં પાછા ફરતા પંખીઓનો કલરવ, આકાશમાં ટમટમતા તારલા કે પત્ની અને બાળકોની વાતોના અમૂલ્ય ખજાનાની ક્યાંથી સમજ પડે ? કોઈપણ વ્યક્તિ દિવસના ૨૪ કલાક ગાંડાની જેમ કામ કરીને તેના અસ્તિત્વને ઉત્સવપૂર્વક માણી ન શકે.

થોડા સમય પહેલા હાર્વર્ડ યુનિવર્સિટીએ વિશ્વના ૧૦૦થી વધુ દેશોના એક લાખથી વધારે લોકોને એક પ્રશ્ન પૂછીને સર્વે કર્યો હતો. આ સર્વેમાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'તમારા મતે જીવનનો સૌથી શ્રેષ્ઠ આનંદ શેમાં આવે છે ?' ત્યારે ૬૫ ટકાથી વધારે લોકોએ એવો જવાબ આપ્યો કે, જેને માટે એમને પ્રેમ અને આદર છે અને જેમને અમારા માટે પ્રેમ અને સન્માન છે એમની સાથે બેસવામાં, વાતો કરવામાં, જમવામાં, ફરવામાં અને સમય પસાર કરવાનો સૌથી ઉત્તમ આનંદ આવે છે.

સ્વાભાવિક વાત છે કે, પરિવારના સદસ્યોને જ તમારા માટે સૌથી વધારે પ્રેમ અને આદર હોય અને એટલે જ પરિવારજનો સાથે વિતાવવામાં આવતો સમય ક્વોલિટી ટાઈમ કહેવાય છે. હાર્વર્ડનો આ સર્વે તો હજુ હમણાં થયો પરંતુ વોરેન બફેટ જેવા ધનાઢ્ય અને કેટલાય સામાન્ય કરોડો લોકો તેમના પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી એમનું જીવન મૂલ્યવાન બનાવી રહ્યાં છે. વ્યક્તિ આઠ કલાકથી વધારે ૧૨ કલાક કે પછી ૧૮ કલાક કામ કરશે તો પણ જગત આખાના બિઝનેસ એની ઝોળીમાં સમેટી શકવાનો નથી. પણ પારિવારિક ક્વૉલિટી ટાઈમ એ ચોક્કસ એની ઝોળીમાં ભરીને અંદરથી ઉત્સવનો આનંદ ચોક્કસ લઈ શકે. આજના સમયમાં સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મથી દુનિયાભર સાથે વર્ચ્યુઅલી ટચમાં રહેતાં પહેલાં પરિવારજનો સાથે ટચમાં રહેવામાં આનંદ છે એની સમજ કેળવવી પડશે. પરિવાર એક એવી જગા છે જ્યાં મોજ, મસ્તી, હાશકારો અને હિંમતનો સરવાળો થાય છે. મોબાઈલ ઉપર આંગળી ફેરવવાથી જીવન બહેતર નથી બનતુ પરિવારજનોની પીઠ ઉપર હાથ ફેરવવાથી જીવન ઉત્સવ બને છે. જગત માટે તમે માત્ર એક માણસ છો પણ પરિવાર માટે તમે આખુ જગત છો.

**ધબકાર :**

**'પેસા તો હર કોઇ થોડે બહોત કમા હી લેતા હૈ, લેકીન ખુશકિસ્મત વો હોતે હૈ, જો પરિવાર કા આનંદ કમા લેતે હૈ'**